હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડિયર, જે ભાવથી તું વેલેન્ટાઈન ડે સેલીબ્રેટ કરે છે તે જોતા એવું લાગે છે... આવતા વર્ષોમાં તું વેલેન્ટાઈનનું વ્રત રાખવા લાગીશ....!!

વેપાર - ધંધા માટે ૨૪ કલાકની છુટને શહેરના વેપારીઓનો આવકાર

ગાંધીનગર તા ૭

રાજય સરકારે ૨૪ કલાક વેપાર ધંધો કરવાની છુટ આપી છે. જયારે હવે વેપારીઓ પાતાના કામ ધંધા માટે ૨૪ કલાક પોતાની દુકાનો ખુલ્લી રાખી શકશે. અત્યાર સુધી કાયદા મુજબ રાત્રિના ૧૨ વાગ્યા બાદ પોતાની દુકાનો ખુલ્લી રાખી શકાતી ન હતી. જયારે આ મામલે કાયદામાં સુધાર લાવીને હવે ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેને અનુલક્ષી ગાંધીનગના વેપારીઓમાં પણ ખુશીની લાગણી વ્યાપી છે. નગરના વેપારીઓએ આ નિર્ણયને આવકારી સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે. આ નિર્ણયથી વેપાર ધંધાને પ્રોત્સાહન મળશે.. રોજગારી વધશે...ચોક્કસ ધંધા માટે આ નિર્ણય વધુ અસરકારક રહેશે .. જો કે કાયદો અને સલામતીની વ્યવસ્થા પણ જળવાઈ રહે તો માટે પણ આયોજન કરવાનુ રહેશે...તેવો સુર પણ વેપારીઓએ ઉઠાવ્યો હતો.

દરેક ધંધાને ફાયદો નુકશાન બન્ને થાય તેવુ માલુમ પડી રહ્યુ છે. જવેલર્સની વાત કરીએ તો સોના ચાંદી બજાર રાત્રે મોડે સુધી ખુલ્લુ રહે તો કાયદો અને વ્યવસ્થા મજબુત થાય તેવુ આયોજન કરવુ પડે . આ નિર્ણયથી ધંધાદારી વર્ગને તેમજ નાના વેપારીઓને પણ ફાયદો થશે. જો કે વેપારીઓએ બે થી ત્રણ શીફટમાં કામ કરવાની જરૂરિયાત પણ ઉભી થાય જવેલર્સ માટે આ નિર્ણય કાંઈ વિશેષ અસરકારક નથી. અડધી રાત્રે પણ ગ્રાહકોને બધી ચીજવસ્તુઓ મળી રહેશે તે વાત પોઝિટીવ છે.

દિનેશ બાબરીયા - વેપારી સે-૨૪

સરકારનો આ નિર્ણય યોગ્ય છે. સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરના વેપારીઓ આ નિર્ણયને આવકારે છે. વેપાર ધંધા અને રોજગારી વધવાથી રાત્રિના સમયે થતી ચોરી અને દુષણોને પણ ડામી શકાશે. નાના વેપારીઓને પણ રોજી રોટી મેળવવામાં સરળતા રહશે. ખાણી પીણી બજાર પણ ધમધમશે. શહેરમાં રાત્રિના સમયે સુનકાર જોવા મળતો હતો જયારે હવે રાત્રિની રોનક પણ નિખરશે.

મહેશ ભટ્ટ - વેપારી સે -૨૧

દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખવાની બાબત કેટલાક પસંદગીના ધંધા વેપાર માટે અત્યંત ઉપયોગી નિવડશે. ગુજરાતમાં રાત્રિના મોડા સમયે ભદ્ર સમાજના સભ્યો બહાર નિકળવાનુ ટાળે છે. પરંતુ ગ્રાહકોને અડધી રાત્રે જરૂર હોય ત્યારે જોઈએ તે વસ્તુ મળી રહે તેવુ થાય તો નાગરિકોને સરળતા છે.જયારે વેપારીઓએ આ નિર્ણયના અમલ માટે જરૂરી આયોજન અને તૈયારી પણ કરવી પડે તેમ છે.

ઉર્વિશ રાવલ - વેપારી સે-૨૧

સરકારનો આ નિર્ણય અત્યંત આવકાર દાયક છે. જેના લીધે ધંધો રોજગારી વધશે. સામાન્ય રીતે આ મામલે આમ નાગરિકોમાં ભ્રમ છે કે રાત્રિના દુષણોને વેગ મળશે પરંતુ રોજગારી વધવાથી આ સમસ્યા પણ હલ થશે. ગાંધીનગરના મિજાજ પ્રમાણે શહેરમાં રાત્રિના સન્નાટો છવાઈ જતો હતો જયારે આ વાતનો અમલ થાય તો રાત્રિના પણ નગરનુ જનજીવન જીવંત બનશે.

નિરવ લોથ - સે-૨૧

સરકારે આ સારુ પગલુ ભર્યુ છે. વેપારીઓ આ નિર્ણયને આવકારે છે. પરંતુ બેકીંગના ટાઈમ ઓફિસ અવર્સની જેમ રહેશે એ પણ એક ઔર વાત છે. જયારે રાત્રિના સમયે વેપાર ધંધા ધમધમે ત્યારે વેપારીઓ સહીત શહેરમાં નાગરિકોની સુરક્ષાના મામલે વધુ સજાગ બનવુ પડશે. જે અંગે વિચારણા કરવી પડશે પરંતુ આ નિર્ણયથી વેપાર ધંધાને પ્રાત્સાહક બળ મળશે

કાર્તિક પટેલ - સે -૨૨

રાજયમાં ૨૪ કલાક વેપાર ધંધાની છુટ આપવાનો સરકારનો નિર્ણય યોગ્ય છે.નોકરીયાત વર્ગ પાસે સાંજ બાદ જ સમય હોય છે. જયારે રાત્રિના બહાર નિકળે ત્યારે બધી ચીજવસ્તુઓ મળી રહે તે વધુ સાનુકુળ રહે છે. પરંતુ શહેરમાં મોટાભાગની દુકાનો ૧૦ સુધીમાં બંધ થઈ જતી હોય છે. આ નિર્ણયના અમલથી વેપાર ધંધો વધશે જયારે જનજીવનમાં પણ ચહલ પહલ વધશે.

વિપુલ સુખડીયા - સે-૧૧

તાજેતરમાં રાજય સરકાર દ્વારા ૨૪ કલાક દુકાન ખુલ્લી રાખવાના નિર્ણયને આવકારીએ છીએ. કારણ કે આજનો જમાનો ખુબ જ ફાસ્ટ છે, મોટાભાગના નાગરીકો નોકરીયાત હોય છે. બધા જ નાગરીકો વેપાર-ધંધાથી રાત્રે ઘેર આવે છે અને જમીને રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ ફ્રી થાય છે. ત્યાં તો જનરલ માર્કેટ બંધ થઈ ગયા હોય છે. નાગરીકોને બહાર ફરવાનો તેમજ ખરીદી કરવાનો શોખ હોય છે પરંતુ માર્કેટ બંધ થઈ ગયા હોવાથી તેઓ ઘરની બહાર નીકળતા નથી. ત્યારે સરકારના આ નિર્ણયથી વેપાર-ધંધામાં તેજી જોવા મળશે અને રોજગારીની નવી તકો ઉભી થશે.તો બીજી તરફ ૨૪ કલાક દુકાનો ખુલ્લી રહેતા ચોરી ના બનાવો ઘટશે અને વાહન વ્યવહારમાં ગતિ આવશે.

સુનીલ રમેશચંદ્ર મહેતા (વેપારી વિદ્યા સાડી)

સરકારના ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખવાના નિર્ણયને ગુજરાતના દરેક વેપારીવર્ગ માટે ખુબ જ આનંદના સમાચાર છે. ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાની મંજુરીથી હવે રાત્રે નાગરીકોને ઘણી બધી ઉપલબ્ધી મળી રહેશે. સરકાર અને પોલીસ તંત્રના સહયોગથી ૨૪ કલાક દુકાનદાર પોતાનો વેપાર કરી શકશે. જેથી આર્થિક સ્તરે પણ ઘણો વધારો થશે.તેમજ નવા રોજગારની તકો ઉભી થશે.હું સરકારનો દીલથી આભાર વ્યકત કરુ છું, કારણ કે જે વેપારીઓ પોતાની દુકાન ૧૪ થી ૧૫ કલાક શરુ રાખતા હતા તેના સ્થાને ૨૪ કલાક વેપાર કરવાનો હક આપવાની વાત કરી છે.

ચિરાગ ચંદ્રકાંત પટેલ (યુવા વેપારી અપના અડ્ડા)

સરકારે ૨૪ કલાક દુકાન ખુલ્લી રાખવાનો નિર્ણય તે સારી બાબત છે. એક જોતા આ સારો નિર્ણય છે કેમ કે આજના મોર્ડન યુગમાં દરેક વ્યકિત રાત્રે ફરવાનું વધુ પસંદ કરે છે. દિવસનું કામકાજ પતાવીને રાત્રે નવીનવી જગ્યાએ જઈને એન્જોય કરવાનો ગુજરાતની જનતાને લાભ મળશે. સરકારનો આ નિર્ણય આવકાર્ય છે

વ્યોમ અમીન (યુવા વેપારી અગ્રણી ઘ રોપ)

આજે જિલ્લાના ૩.૧૦ લાખ બાળકોને કૃમિનાશક ગોળીઓ અપાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં તા. ૮મી ફેબ્રુઆરી શુક્રવારે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા રાષ્ટ્રીય કૃમિ દિવસ ઉજવશે જે અંતર્ગત જિલ્લાના ૧ થી ૧૯ વર્ષના શાળાએ જતા ૨.૨૪ લાખ તથા આંગણવાડીના ૮૪ હજારથી વધુ મળીને ૩.૧૦ લાખ બાળકોને કૃમિનાશક ગોળીઓ આપવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેરના અંદાજે ૬૦ હજારથી વધુ બાળકોને પણ આવરી લેવામાં આવશે.

કૃમિ સંક્રમણથી બાળકોમાં કુપોષણ અને લોહીની ઉણપની સમસ્યા થાય છે. જેના કારણે થાક લાગવો, પેટમાં દુઃખાવો થવો, ઝાડા-ઉલ્ટી થવા તેમજ વજન ઘટી જવુ જેવી તકલીફો થાય છે અને શારીરિક-માનસિક વિકાસમાં અવરોધ ઉભો થાય છે. આ સમસ્યા સામે બાળકોને કૃમિનાશક ગોળીઓ આપવાથી લોહીના પ્રમાણમાં તેમજ પોષણસ્તરમાં પણ સુધારો જોવા મળે છે. જેના કારણે બાળકોના ભાવિમાં કાર્યક્ષમતા તેમજ જીવનદરમાં વધારો થાય છે. શુક્રવારે જિલ્લાની તમામ શાળાઓમાં અભિયાન હાથ ધરીને ૧ થી ૧૯ વર્ષના શાળાએ જતા ૨,૨૪,૪૮૪, શાળાએ ના જતા ૧૪૧૨, આંગણવાડીમાં જતા ૮૪,૨૩૭ એમ કુલ મળીને ૩,૧૦,૩૩૩ બાળકોને કૃમિનાશક ગોળીઓથી આવરી લેવાશે.

બાળકોને કૃમિ નિયંત્રણની દવા લેવા સાથે નિયમિત નખ કાપવા, સ્વચ્છતા રાખવી, સ્વચ્છ પાણી પીવુ, ખોરાક ઢાંકીને રાખવો, ફળો-શાકભાજી ચોખ્ખા પાણીથી ધોઈને ખાવા, જમ્યાં પહેલા અને શૌચક્રિયા પછી હાથ અવશ્ય સાબુથી ધોવા, પગરખાં પહેરવા, ખુલ્લામાં શૌચ ના કરવુ જેવી બાબતો અંગે પણ જાગૃત કરાશે.

વિદ્યાર્થીઓ પાસે ક્લીયર વિઝન હોવુ જરૂરી

અભ્યાસની સાથે જીવન જીવવાની કલા શીખવી અનિવાર્ય : ડૉ. થાનકી

પરીક્ષા દરમિયાન નકારાત્મક વાતોથી વિદ્યાર્થીઓને દૂર રાખવા જોઈએ : નશાની લતે ચઢેલા કેટલાક વિદ્યાર્થીઓ આમ પણ માનસિક બિમારીથી પીડાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૭

બોર્ડની પરીક્ષા નજીકમાં છે. વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. આવા સંજોગોમાં ઘણીવાર વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો હાઉ તેમજ માનસિક હતાશા માથે ચઢી જાય છે. ત્યારે વિદ્યાર્થીઓની મનોદશાને ધ્યાનમાં રાખીને વાલીઓએ વધુ હકારાત્મક અભિગમ અપનાવવો અનિવાર્ય છે. બોર્ડની પરીક્ષા જીંદગીની પરીક્ષા નથી તે સાથે સાથે વાલીઓએ પોતાના પાલ્યને સમાજમાં પાંગરતા અન્ય દુષણોથી દૂર રાખવા સજાગ બનવુ જોઈએ. પરીક્ષાના સમયગાળા દરમિયાન પણ વિદ્યાર્થીઓને નકારાત્મક ઉચ્ચારણ કે અન્ય બાબતોથી દૂર રાખવા જોઈએ તેમ શહેરના જાણીતા મનોચિકિત્સક ડૉ. ગૌરાંગ થાનકીએ જણાવ્યું હતું.

આ અંગે ડૉ. ગૌરાંગ થાનકીના જણાવ્યા મુજબ પરીક્ષાનો ભાર આવે એ પહેલાથી જ બાળકોમાં બીજા માનસિક રોગ છે. એટલે કે બાળકો પરીક્ષા સિવાય ઘણીબધી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. જે તેમને ડીસ્ટબ કરે છે. આ દરેક ડિસ્ટ્રેક્શનના લીધે બાળકોના જીવનમાં ભણતરનું મહત્વ ઓછુ વર્તાય રહ્યું છે. આજકાલ વધતા જતા ફોન, ઈન્ટરનેટના ઉપયોગનુ પ્રમાણ, પબજી જેવી વિવિધ પ્રકારની વિડિઓ ગેમ્સના ઉપયોગને લીધે બાળકો ભણવાને મહત્વ નથી આપી રહ્યા. આ ઉપરાંત બાળકોમાં અફીણ, ગાંજા જેવા નશીલા પદાર્થોનું વ્યસન જોવા મળી રહ્યું છે. આ બધા જ કારણો જાણીને માતા-પિતાને ચિંતા થઈ રહી છે કે, બાળક ભણશે નહિ તો આગળ વધી નહિ શકે. બાળકો ટ્યુશનમાં સારા માર્કસ લાવે છે પરંતુ સ્કૂલમાં નહિ બાળકો તેમનુ કહ્યુ માનતા નથી આ બધી ફરિયાદો સાથે માતા-પિતા દ્વારા બાળકો પર ભણતરનું વધુ પ્રેશર અપાઈ રહ્યુ છે. ગૌરાંગભાઈની સલાહ મુજબ માતા-પિતાએ બાળકોના હકારાત્મક વલણોને પ્રોત્સાહન આપવુ, ના કે તેમને નકારાત્મક વાતો વારંવાર કહે રાખવી. બાળકોને સતત તુ આ નહિ કરી શકે તેવુ ક્યારેય ન કહેવુ.

આ દરેક બાબતોને ધ્યાનમાં લઈ વિદ્યાર્થી અને માતા-પિતાએ પરીક્ષા સમયે હકારાત્મક વલણ સાથે વર્તન કરવુ જોઈએ. બોર્ડની પરીક્ષા એ જીંદગીની પરીક્ષા નથી અને દરેક બાળક ડોક્ટર અને એન્જીનીયર ન જ બની શકે. કારણ કે સ્પર્ધા જ એટલી બધી રહી છે. માતા-પિતાએ પણ બાળકોને વધુ પડતા પોતાના વિચારો ન થોપતા તેમને જે ગમે તે કરવાની છૂટ આપવી. હા, ભણતર જરૂરી છે, ડીગ્રી જરૂરી છે, પરંતુ જો બાળક કાંઈ અલગ આવડતમાં પાવરધુ હોય તો તેને એ ક્ષેત્રે પણ આગળ વધવાની તકો હવે વધી જ છે. જરૂરી નથી કે જે ડીગ્રી મેળવી તેજ ડીગ્રીમાં તે આગળ કેરીયર બનાવે. ભણતર એ ફક્ત એક પ્રક્રિયા છે જેમાંથી પસાર થઈ બાળકના જીવનનું ઘડતર થાય છે. તેને નવી દીશા પ્રાપ્ત થાય છે. આ અંગે નોંધવું રહ્યું કે ભણતર અને આવડત આ બે અલગ પ્રક્રિયા છે.

વિદ્યાર્થીઓએ હોમપીચ સમજીને પરીક્ષા આપવી : ડો. ચેતના બુચ

શેઠ સી.એમ. શાળાના આચાર્ય ચેતનાબેન બુચના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓએ પોતાની હોમપીચ પર પરીક્ષા આપે છે તેવુ સમજીને બોર્ડની પરીક્ષા આપવી. બોર્ડની પરીક્ષાના નક્કી કરેલા સમય મુજબ જ ઘરે એ સમયે પેપર લખી પ્રેકટીસ કરવી જેથી કરીને બોર્ડની પરીક્ષા સમય સુધી એ સમયની આદત પડી જાય. જંકફૂડને એવોયડ કરવા સાથે વાહન શાંતિથી ચલાવવા અને બીન જરૂરી ઉજાગરાને ટાળવા. આ સાથે તેમણે વાલીઓને જણાવ્યુ છે કે બાળકોને વાંચવાની સાથે થોડુક મનોરંજન માટે સમય ફાળવે તે અંગે છૂટ આપવી. જો સાચા વેલ વિચાર હોય તો તમામ સગા સંબંધીઓએ ઘરે જઈ બેસ્ટ ઓફ લક કહેવા જઈ બાળકોનો સમય ન બગાડવો.

•••

ભણતરની સાથે કૌશલ્ય પણ મહત્વનું : દેવાંગ ઠક્કર

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના શિક્ષક દેવાંગ ઠક્કરના કહ્યા મુજબ બોર્ડની પરીક્ષા આપી માર્કસ લાવવાથી જ બાળકનું ભવિષ્ય નક્કી થાય તે જરૂરી નથી. ભણતર અને કૌશલ્ય આ બંને અલગ છે. ભણવાની સાથે વિદ્યાર્થીએ પોતાના કૌશલ્ય પર પણ ધ્યાન આપવું જ જોઈએ.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ દિવ્યાંગ અધિકાર મંચના નેજા હેઠળ ગુજરાતભરમાંથી દિવ્યાંગો એકત્ર થયા હતા. અને પોતાના પડતર પ્રશ્નો અંગે રાજયના સીએમને આવેદન પત્ર આપ્યું હતું. સવારે ૯ થી ૩ કલાક દરમિયાન દિવ્યાંગોએ ધરણા યોજીને પ્રદર્શન કર્યું હતું.

વાહનચાલકો પોતાના ડ્રાઈવીંગ લાયસન્સ મુદત પૂરી થયાના ૩૬૫ દિવસ પહેલાં રીન્યુ કરી શકશે

રાજયના વાહન વ્યવહાર વિભાગ દ્વારા સારથી-૪ સોફ્ટવેર અમલી બનાવાયું છે. જેના ભાગરૂપે, વેબવેઈઝડ ઓનલાઈન પ્રથા શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત નાગરિકોના ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુઅલ, ડુપ્લીકેટ વગેરે કામગીરી ઓનલાઈન ડોક્યુમેન્ટ સબમીશન અને ઈ-પેમેન્ટ પ્રથા ફરજીયાત બનાવી છે. રાજયના નાગરિકો-વાહનચાલકો હવે ડ્રાઈવીંગ લાયસન્સની મુદત પૂર્ણ થયાના ૩૬૫ દિવસ પહેલાં સરળતાથી રીન્યુઅલ પ્રોસેસ કરી શકે છે એમ વાહન વ્યવહાર કમિશનરશ્રીની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

ડ્રાઈવીંગ લાયસન્સ મુદત પૂર્ણ થયાના પાંચ વર્ષ સુધીમાં આ રીતે પોતાનું ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવવાની સગવડ પુરી પાડવામાં આવી રહી છે. ૫૦ વર્ષ કે તેનાથી વધુ ઉંમર ધરાવતા અરજદારોને ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવવા માટે તબીબી પ્રમાણપત્ર નિયત ફોર્મમાં ભરીને અપલોડ કરવાનું રહેશે. સમયમર્યાદાની અંદર ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવાની અરજી કરવામાં આવે તે માટે રૂા.૪૦૦ની ફી લેવાશે. મુદત વીતી જાય પછી એટલે કે, ડ્રાઈવીંગ લાયસન્સની સમયમર્યાદા પુર્ણ થયાના એક માસ પછી ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવાની અરજી કરવામાં આવે તો પ્રતિ વર્ષ મોડું ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવાના રૂા.૧૦૦ની વધારાની ફી ભરપાઈ કરવાની રહે છે.

બે સંતાનો સાથે પિતાએ નભોઈ કેનાલમાં ઝંપલાવ્યુ

રાહદારીઓએ ત્રણેયને પાણીમાંથી જીવતા બહાર નિકાળીને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી : સમયસર સારવાર મળી જતા ત્રણ વર્ષનો દિકરો અને ૬ વર્ષની દિકરી સહિત ત્રણેયનો આબાદ બચાવઃ બે પેજની સ્યુસાઈડ નોટ પણ મળી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા નભોઈ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં આજે બપોરના અરસામાં એક પિતાએ પોતાના બે સંતાનોને કમરે તેડીને પડતું મૂક્યું હતું. ત્રણ વર્ષીય દીકરો અને છ વર્ષિય દીકરીને સાથે રાખીને પિતાએ નભોઈ કેનાલમાં છલાંગ લગાવી ક્યારે કેનાલ પાસેથી પસાર થતા રાહદારીનું ધ્યાન અચાનક તેના પર પડી ગયું હતું. બુમાબુમ કરીને રાહદારીઓનું ટોળું એકત્ર કરી નર્મદા કેનાલમાં ઝંપલાવતા પિતા સહિત ત્રણેયને કેનાલમાંથી રાહદારીઓએ મહામહેનતે જીવતા બહાર કાઢ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ગંભીર હાલતમાં ત્રણેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સમયસર સારવાર મળી જતાં બે સંતાનો સહિત ત્રણેયનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આ ઘટના અંગે પોલીસને જાણ થતાં સ્થળ પર આવી પહોંચી હતી અને તપાસ કરતા આપઘાતનો પ્રયાસ કરનાર પિતાની પાસેથી બે પેજની સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. ઈન્ફોસિટી પોલીસે સ્યુસાઈડ નોટ કબજે કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે. તબીબી સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ત્રણેયની હાલત હાલ સુધારા પર છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતો એક પરિણીત યુવાન આજે બપોરના અરસામાં ગાંધીનગર પાસે આવેલા નભોઈ ગામ નજીક પોતાના બન્ને સંતાનોને સાથે લઈને આવી પહોંચ્યો હતો. ત્રણ વર્ષનો દીકરો અને છ વર્ષની દીકરીને લઈને આવેલો પિતા નભોઈ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે ઊભો રહી ગયો હતો અને અચાનક બંને બાળકોને કમરથી તેડીને નર્મદા કેનાલમાં ઝંપલાવી દીધું હતું. સદભાગ્યે આ જ વખતે એક રાહદારીનું ધ્યાન તેના ઉપર પડી જતા બુમાબુમ કરી મુકી હતી. સંતાનોને લઈને પિતા કેનાલમાં કૂદી ગયો હોવાની વાતને પગલે ત્યાંથી પસાર થતા રાહદારીઓ કેનાલ પાસે ઉભા રહી ગયા હતા અને ત્રણેયને બચાવવા માટેની કામગીરી શરૂ કરી દીધી હતી. રાહદારીઓએ એકસંપ થઈને કેનાલમાં ડૂબી જઈ રહેલા બે સંતાનો અને તેમના પિતાને સમયસર પાણીમાંથી બહાર નીકાળી દીધા હતા. તો બીજી તરફ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરીને બોલાવી લેવામાં આવી હતી. ઈન્ફોસિટી લોકેશન પરની એમ્બ્યુલન્સ લઈને પહોંચેલા ઈએમટી ભરતસિંહ રાજપુતે સ્થળ પર જ પ્રાથમિક સારવાર શરૂ કરી દીધી હતી અને ગંભીર હાલતમાં બહાર કાઢવામાં આવેલા ત્રણ વર્ષીય દીકરાનાં પેટમાં પમ્પિંગ કરીને તેના પેટમાંથી પાણી બહાર કાઢી દીધુ હતું. ત્રણેયને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા અને સમયસર સારવાર મળી જતા ત્રણેયને નવું જીવનદાન મળ્યું છે. આ મામલે ઈન્ફોસિટી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ હોસ્પિટલ આવી પહોંચી હતી અને બંને સંતાનોને લઈને કેનાલમાં કૂદી જનાર પિતા પાસેથી બે પેજ લખેલી એક સ્યુસાઈડ નોટ પણ રિકવર કરી હોવાનું જાણવા મળ્યું છે.

કૃષિનગર દાંતિવાડાના રોજમદારને કાયમી કરવા ઉગ્ર રજૂઆત

ગુજરાત પ્રદેશ દલિત સેના પ્રતિનિધિ મંડળ દ્વારા તા. ૪ ફેબ્રુઆરીના રોજ સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના રોજમદાર ભાઈ-બહેનોને કાયમી કરવા કૃષિ ગ્રામ વિકાસ મંત્રી આર.સી. ફળદુ તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની રૂબરૂ મુલાકાત લઈ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાનમાં લઈ સરકારે શ્રમજીવીઓને કાયમી કરવાની ખાતરી આપી હતી. આ દરમિયાન ગુજરાત પ્રદેશ પ્રમુખ ડાહ્યાભાઈ પરમારની આગેવાનીમાં જયંતી ઉત્સાદ, બાબુભાઈ મેસરવાલા, વગેરે કાર્યકરોએ હાજરી આપી હતી.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં ગાંધીનગર જિલ્લા પંચાયતની છાલા-ચિલોડા, ડભોડા, નાના ચિલોડા એમ ચારેય જિલ્લા પંચાયતની બેઠકો પર આગામી ચૂંટણી યોજાવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા યુથ કોંગ્રેસ દ્વારા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના નિવાસસ્થાને જાહેર બેઠક યોજવામાં આવી હતી. જેમાં ચૂંટણી સંબંધીત વિવિધ કામગીરી અંગે સૂર્યસિંહ ડાભી દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ નિરીક્ષક અને મંત્રી દ. વિધાનસભા ગાંધીનગરના વંદનાબેન પટેલ, ગીરીશભાઈ રાવલ, કંચનબેન સોલંકી, મંગુબેન ચૌધરી, જિલ્લા પંચાયત પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, પ્રવિણસિંહ, કરણસિંહ, યોગેશભાઈ નરેશભાઈ તથા ચિલોડા, લવારપુર, મગોડી, ઈસનપુર મોટા, શિહોલી મોટી, પાલજ, દશેલા, આલમપુરના તમામ કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

થાનગઢમાં ૨૧મીએ શાળા નામકરણવિધિ

થાનગઢ પ્રાથમિક શાળા નં. ૬ તથા ૭ માં વર્ગખંડ, પ્રાર્થના ખંડ તથા નવનિર્મિત સુવિધાઓનુ તથા નામકરણ સમારંભ તા. ૨૧મી ફેબ્રુઆરી સવારે ૯ વાગે થાનગઢ મ્યુનિસિપલ હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલ છે.

ઉદ્ઘાટક પૂ. મોરારીબાપુના હસ્તે લોકાર્પણ તથા નામકરણવિધિ થશે. મુખ્ય અતિથિ વિશેષપદે કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, અતિથિ વિશેષપદે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા ઉપસ્થિત રહેશે. સાહબુદ્દીન રાઠોડ પ્રેરક ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન પ્રણવભાઈ પંડ્યા કરશે.